બાયડ નજીક ડીપમાં ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માત : બેના મોત

બાયડ તા.૧ ડમ્પર સાથે ધડાકાભેર અથડાતા ઘટના સ્થળ ઉપર જ

બાયડ નજીક આવેલ ડેમાઈ રોડ ઉપર આવેલ ડીપ માં આજે બપોરે વળાંક માં બાઈક અનેડમ્પર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં આ અકસ્માત માં ઘટના સ્થળ ઉપર જ બેના મોત થતાં હાહાકાર મચી ગયો હતો.

આ બાઈક પર બેઠેલ ભલાભાઈ જોરાભાઈ ઝાલા (ઉ.વ ૫૨)અને હર્ષદભાઈ કાનજીભાઈ ઝાલા(ઉ.વ આશરે ૫૦) નુ ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નીપઝયુ હતુ જયારે વિક્રમભાઈ કાળાભાઈ ને પગ અને માથા ના ભાગે ગંભીર રીતે ભાયલ થતાં તેમને

(તસવીર : સમીર બલોચ)

જયારે એક વ્યકતી ગંભીર રીતે ઘાયલ થતાં ૧૦૮ ઈમરજન્સી દ્વારા વાત્રક ની સાર્વજનીક હોસ્પીટલ માં ખસેડવામાં આવ્યા હતા આ અંગે પ્રામ માહીતી અનુસાર આજરોજ બપોરે બાયડ નજીક ડેમાઈ રોડ ઉપર આવેલ ડીપ માં ખેડા જીલ્લાના ઘડીયા ગામ નીક આવેલ ગૈાચર ના મુવાડા ગામના ત્રણ યુવકો બાયડ તાલુકાના સીમલજ ગામે લગ્ન હોવાથી જાનમાં જતા હતાં ત્યારે તે સમય દરમ્યાન બાયડ નજીક ડીપ માં સામેથી આવતી ૧૦૮ ઈમરજન્સી દ્વારા વાત્રક ખાતેની સાર્વજનીક હોસ્પીટલ માં ખસેડાયા હતા ત્યારે આ અકસ્માત એટલી હદે ગંભીર હતો ઘટના સ્થળેજ બે લોકો મૃત્યુ પામ્યા હતા અને તેમના લોહી થી રોડ ઉપર ખાબોચીયા ભરાઈ ગયાહતા અને આમ તેમ માંસ ના ટુકડા પડયા હતા જયારે આ અંગે બાયડ પોલીસે ડમ્પર ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

સંતાનો એ પિતાની છત્ર છાયા ગુમાવી

બાયડ નજીક ડીપ માં આજે બપોરે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં જ ખેડા જીલ્લાના ઘડીયા નજીક આવેલ ગૈાચર ના મુવાડા ગામના બે ઈસમો નુ ઘટના સ્થળે જ મોત નીપઝયુ હતુ જયારે જેમાં ભલાભાઈ જોરાભાઈ અને હર્ષદ ભાઈ કાનજીભાઈ નુ ઘટના સ્થળે જ મોત નીપઝયુ હતુ જેમાં ભલા ભાઈ ને બે પુત્રો અને કાનજીભાઈ ને ચાર દિકરીયો હતી અકસ્માત માં પિતાની છત્ર છયા ગુમાયા ના સમાચાર જાણતાં ઘટના સ્થળ ઉપર આ પુત્રો નુ આકદ જોઈ વાતાવરણ ગમગીન બની ગયુ હતુ.

રોડ ઉપર લોહીના ખાબોચીયા ભરાયા

બાયડ નજીક ડીપ માં આજે બપોરે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ઘટના સ્થળે જ બેના મોત નીપજયાં હતા ત્યારે આ બે જાણા એટલી હદે ઘાયલ થયા હતા કે રોડ ઉપર મરનાર ના લોહી થી લોહી ના ખાબોચીયા ભરાયા હતા.

તલોદ બજારનું વીજ ટ્રાન્સફોર્મર ફાટતા વીજ પૂરવઠો ખોરવાયો

તલોદ, તા. ૧

ઉત્તર ગુજરાત વિજ કુ. લિ. તલોદ કચેરીની હકૂમતમાં આવતા તલોદ બજારનું એક ટ્રાન્સફોર્મર ભારે ધડાકા સાથે ફાટતાં વહેલી પરોઢથી જ તલોદના મધ્ય બજારનો વિજ પુરવઠો કલાકો માટે સદંતર ખોરવાઈ ગયો હતો. બજાર વિસ્તારને વિજ પુરવઠો પુરો પાડતુ બજાર મધ્યે આવેલું ૨૦૦ કે.વી.એમ.નું એક ટ્રાન્સફોર્મર કોઈક યાંત્રિક ક્ષતિને કારણે ધડાકાઓ સાથે અંદરથી ફાટતા આમ બન્યું હોવાનું જાણવા મળ્યું હતું.

તલોદ બજારની મધ્યમાં એક વિજ પોલ સાથે જોડાયેલા અને સમગ્ર મધ્ય બજારની વિજપુરવઠો પુરો પાડતા આ ૨૦૦ કેવીએમના ટ્રાન્સફોર્મરમાં પરોઢના ૪ વાગ્યાના સુમારે એક જોરદાર ધડાકો થયો હતો. ત્યારથી જ બજારનો વિજપુરવઠો ખોરવાઈ ગયો હતો. બાદ સવારના લગભગ ૭.૩૦ કલાકના સુમારે આ ટ્રાન્સફોર્મરમાં બીજા બે ધડાકા પ્રકાશ સાથે થયા હતા. જેમાંથી ધુમાડાના ગોટા ઉડ્યા હતા. આમ થતાં આસપાસના રહીશો પણ કુતુહલતાપૂર્વક ચિંતાતુર બની ઘરની બહાર દોડી આવ્યા હતા. જ્યાં વિજળીના થાંભલા સાથે જોડાયેલા ટ્રાન્સફોર્મરમાંથી ધૂમાડા નીકળતા જણાયા હતા અને ઓઈલ પણ બહાર આવીને પડેલુ જણાયું હતું. સદ્‌ભાગ્યે આ ટ્રાન્સફોર્મરમાં આગ લાગી ન હતી. જો આગ લાગી હોત તો, સળગતા ગરમ લ્હાય ઓઈલના છંટકાવનો ભોગ રાહદારીઓ અચૂક બન્યા હોત.

વિજ પુરવઠો બંધ રહેતા બારેક વાગ્યાના સુમારેથી બજારના વેપારીઓને ધંધા-રોજગાર આટોપી ઘરભેગા થવાની ફરજ પડી હતી. મોસમના અતિભારે ગરમ દિવસો ચાલતા હોઈ વિજપુરવઠાની આવશ્યકતા અનેક ગણી હોવા છતાં આકસ્મિક ઘટેલ આ ઘટનાને કારણે વિજ પુરવઠા વિના લોકોની હાલત દયનીય બની હતી.

સાબરકાંઠા કોંગ્રેસ સમિતિ દ્વારા આદિવાસી અધિકાર રેલી યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૧

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલના પટાંગણમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા હિસાબ દો જવાબ દો કાર્યક્રમ અંતર્ગત શુક્વારના રોજ આદિવાસી અધિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડબ્રહ્મા વિજયનગર અને ભિલોડાના વનવાસી ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.

ખેડબ્રહ્મા કોંગ્રેસ દ્વારા યોજાયેલી આદિવાસી અધિકાર રેલીમાં વિરોધ પક્ષના નેતા શકિતસિંહ ગોહિલે બોલતા ભાજપની સરકાર વિરૂધ્ધમાં ચાબખા માર્યા હતા અને કહ્યું હતું કે કોંગ્રેસની સરકાર આવશે તો ઉદ્યોગપતિઓ માટે વાઈબ્રન્ટ નહીં હોય તે આદિવાસીઓ માટે હશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જૂન મોઢવાડીયાએ કહ્યું હતું કે જુઠું બોલવું અને જોરથી બોલવું એ મુખ્યમંત્રીની તકીયા કમાલ છે. ગુજરાતના વિકાસ માટે અમેરિકાને નહીં અહીંના આદિવાસીઓને પૂછો કે વિકાસ થયો છે કે કેમ? સરકારે સરકારી કોલેજો બંધ કરી અને સેલ્ફ ફાઈનાન્સ શરૂ કરી જેમાં પૈસા ફેંકો અને તમાશા દેખો જેવો ખેલ માંડયાનો અર્જૂન મોઢવાડીયાએ આક્ષેપ કર્યો હતો.

રેલીની શરૂઆતમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે એ.આઈ.સી.સી.ના પ્રભારી મોહન પ્રકાશ, ડૉ. તુષાર ચૌધરી, ધારાસભ્યો શૈલેષભાઈ પરમાર, મહેન્દ્રસિંહ વાઘેલા અને કોંગ્રેસના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના પદાધિકારીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતાં.

સમાચાર ઝલક

- **હાઇકોર્ટના ચુકાદાથી ડેન્ટલ વિદ્યાર્થીઓને રાહત, સંચાલકો/સરકારનું સમાધાનને રદ કરવા આદેશ.**
- **ગુજરાતમાં પ્રાથિક શાળાનાં શિક્ષકોની બદલીમાં બિમારો, અપંગો, વિધવા દંપતિઓને અગ્રતા અપાશે.**
- **ડીસા તાલુકાના જસરામાં અશ્વ મેળાનો દબદબાભેર પ્રારંભ : આઠ વર્ષના અશ્વ સવાર શ્રી રાજ પટેલે ભાગ લીધો.**
- **બાબા જયગુરુદેવનાં ડ્રાઇવરનાં હાથમાં રૂા. ૧૨૦૦૦ કરોડની લગામ.**
- **એર ઇન્ડિયાની કટોકટી, સતત ૨૪માં દિવસે હડતાળ યથાવત જારી. દરરોજ પાંચ કરોડનો નુકશાન થાય છે.**
- **જી.ડી.પી. આંકડા નિરાશાજનક છે, સરકાર જરૂરી પગલાં લેશે : પ્રણવ મુખરજી**
- **ટ્રાફિકના કારણે ભારતને વર્ષે ૬૦,૦૦૦ કરોડનું નુકશાન છે.**
- **મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેનનાં પુત્રના બંગલામાં ચોરી કેસમાં પોલીસખાતુ ભારે ગુંચવણમાં.**
- **ગુજરાતમાં ૧૫મી જૂનથઈ ચોમાસું બેસશે તેવો અણસાર.**
- **એક ગધેડોએ ગધેડી ઉપર બળાત્કાર કરતાં યમનમાં રમખાણો ફાળી નીકળ્યા. યમન દેશનો બનાવ : ૧૫ ઘવાયા.**

(તસવીર : હેમુભા વાઘેલા)

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે આવેલ જનસેવા કેન્દ્ર પર ક્રિમીલીયર સર્ટી મેળવવા માટે વિદ્યાર્થીઓ આવા તડકામાં લાંબી લાંબી કતારમાં ઉભા રહેલા નજરે પડી રહ્યા છે અને ગ્રામ પંચાયત ઓફિસમાં આ સુવિધા પુરી કરવામાં આવે તેમ વિદ્યાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

પાલનપુર-આબુ હાઈવે પર લૂંટ ચલાવનાર બે લૂંટારાઓ ઝબ્બે

પાલનપુર, તા. ૧

પાલનપુરના સબમર્સીબલ પંપના એક વેપારી અને તેનો ડ્રાઈવર રાજસ્થાન માલ આપી પરત આવી રહ્યા હતા ત્યારે ગત રાત્રીના સમયે ઈકબાલ ગઢ નજીક બાઈક પર આવેલા બે બુકાનીધારીઓએ વાહન રોકી વેપારી અને ડ્રાઈવરને ગડદાપાટુનો માર મારી રૂ. ૩૫,૪૦૦૦ની રોકડ રકમની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ મામલે વેપારીએ ફરિયાદ કરતા પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને પાલનપુરથી ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ પાલનપુર શહેરના જીતેન્દ્ર કાન્તીભાઈ પ્રજાપતિ છેલ્લા ઘણા સમયથી સબમર્સીબલ પંપનો ધંધા કરે છે. તથા વારંવાર આસપાસ રાજ્યોમાં પણ આ મશીનરી આપવા જાય છે. દરમિયાન ગત રોજ પણ તેઓ ડ્રાઈવર દિનેશભાઈને લઈ રાજસ્થાનના મંડાર ખાતે માલ આપવા ગયા હતા અને માલના નાણા લઈ પરત આવી રહ્યા હતા ત્યારે ઈકબાલગઢ પાસે રાત્રીના સમયે બે બુકાનીધારી બાઈક સવારો આવ્યા હતા અને જીતેન્દ્રભાઈની કાર રોકી બન્નેને તેમાંથી નીચે ઉતારી ભારે ગડદાપાટુનો માર મારી રૂ. ૩,૫૪,૦૦૦ની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. જેથી ચકચાર મચી જવા પામી હતી. લૂંટનો ભોગ બનેલા વેપારીએ આ મામલે પોલીસને જાણ કરતા જિલ્લા પોલીસ વડાની રાહબરી હેઠળ એસ.ઓ.જી. અને એલ.સી.બી. પોલીસે ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી અને ઘટનાસ્થળે જઈ વેપારીના ડ્રાઈવર દિનેશની ઉલટતપાસ કરતા તેણે આ લૂંટનો ભેદ ખોલી નાખ્યો હતો. જેથી પોલીસે ડ્રાઈવર દિનેશ વાલજી ઠાકોરના કહ્યા મુજબ ગઠામણ પાટીયા પાસેથી તેના મિત્ર અને લૂંટ ચલાવનાર જયંતિજી ઉર્ફે ગાંડાજી હમીરજી ઠાકોર રહે. ગઠામણ અને અબ્દુલ રહેમાન મહંમદખાન બલોચ રહે. છાપી વાળાને ગણતરીના જ કલાકોમાં ઝડપી લઈ બાઈક સહિત રોકડ રકમ કબ્જે કરી ત્રણેય વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં બંધનો મિશ્ર પ્રતિસાદ

પેટ્રોલના ભાવવધારાના વિરોધમાં ભારત બંધના એલાન આપેલ તેને આજે બનાસકાંઠાના વડામથક પાલનપુરમાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. સવારથી જ જિલ્લા ભાજપ અને શહેર ભાજપના અગ્રણીઓ કાર્યકરોએ પાલનપુર બંધ કરાવવા નીકળ્યા હતા. જિલ્લા અધ્યક્ષ શ્રી કે. એસ. મોગરાની આગેવાની હેઠળ નીકળેલ ટીમે દુકાનો ખોલીને બેસેલા વહેપારીઓને વિનંતીઓથી બંધ કરાવી હતી. તો અમુક જગ્યાએ દુકાનો ખુલ્લી જોવા મળી હતી. આમ ભારત બંધના એલાનમાં પાલનપુરને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. આ ટોળુ રેલવે ઓવરબ્રીજ જે એક સાઈડે ચાલુ છે ત્યાંજ રોડ ઉપર બેસી જતા ભારત માતાની જયનો જયજયકાર કરીને ચક્કાજામ કરેલ હતો. વાહન ચાલકો રાહદારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

આજે ગુજ. યુનિ.નો પદવીદાન સમારંભ

અમદાવાદ, તા.૧

ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં આવતીકાલ યોજાનાર ખાસ પદવીદાન સમારંભમાં અંદાજે ૧૦ હજાર વિદ્યાર્થીઓને ડિગ્રી સર્ટીફિકેટ એનાયત કરવામાં આવે છે. ગુજ. યુનિ.ના કુલપતિ ડૉ. પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ ગતવર્ષે સીબીસીએસ પદ્ધતી દાખલ કરી હોઈ જે વિદ્યાર્થીઓ જુની પદ્ધતિ પ્રમાણે રિપીટર તરીકે પરીક્ષા આપતા હોય કે એટીકેટીવાળા વિદ્યાર્થીઓને પણડિગ્રી પ્રાપ્ત થઈ શકશે. યુનિવર્સિટીના આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, મેડીકલ, ડેન્ટલ, નર્સીંગ, ફિઝીયોથેરાપી, હોમીયોપેથીક, મેનેજમેન્ટ, એજ્યુકેશન, કોમ્પ્યુટર અને સાયન્સ સાથે સંકળાયેલા ૧૦ હજાર વિદ્યાર્થીઓને ડિગ્રી સર્ટીફિકેટ એનાયત થશે. ગુજ. યુનિ.એ ડિગ્રીની અંદર સાત જેટલા સાયલન્ટ ફિચર મૂકેલા હોવાથી તેમજ સર્ટીફિકેટમાં સમાવેશ થયો હોવાથી વિદ્યાર્થીઓની માહિતી સુરક્ષીત થશે.

દહેગામ નગરપાલિકા

જા.નં. ૧૫૦/૧૨-૧૩ તા. ૩૧-૫-૨૦૧૨

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૦૭, ૧૦૮ અન્વયે

આથી દહેગામ નગર પાલિકાની હદ વિસ્તારમાં વસતા મિલકત ધારકોને જણાવવામાં આવે છે કે, આ સંસ્થાની ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે મિલકતોની ક્ષેત્રફળ આધારિત આકારણીની યાદીઓ તૈયાર કરવામાં આવેલ છે. આકારણી પત્રકો આ સંસ્થાની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમિયાન ખુલ્લા રાખવામાં આવેલ છે.

ઉપર જણાવેલ આકારણી પત્રકોમાં સમાવિષ્ટ કરેલ મિલકતોના ક્ષેત્રફળ સંબંધમાં આવી મિલકતના માલિકો / કબજેદારો અગર તેના પ્રતિનિધિઓને મિલકતના ક્ષેત્રફળ સામે વાંધા લેવા માંગતા હોય તો આ નોટીસ પ્રસિદ્ધિથી એક માસના સમયગાળા દરમિયાન મિલકતોના નંબર તથા મિલકતવાર અલગ - અલગ લેખિત અરજી અત્રે મોકલી આપવાની રહેશે. અગાઉ આવેલ અરજી તથા મુદત બહારની અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

ડી. જી. પરમાર
ચીફ ઓફિસર,
દહેગામ નગર પાલિકા

માહિતી/૪૪૪/૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૮૨૮